# ઘનજીવામૃત અને તેને બનાવવાની રીત

પ્રાકૃતિક ખેતીમાં બીજા પ્રકારનું ખાતર ઘનજીવામૃતના રૂપમાં બનાવવામાં આવે છે. ઘનજીવામૃત તમે નીચે મુજબની રીતે બનાવી શકો છો.

**બનાવવાની રીત**

| ક્રમાંક | જરૂરી વસ્તુઓ | પ્રમાણ |
|---|---|---|
| ૧. | દેશી ગાયનું ગોબર | ૧૦૦ કિલો ગ્રામ |
| ૨. | દેશી ગાયનું ગૌમૂત્ર | ૮ થી ૧૦ લિટર |
| ૩. | ગોળ | ૧ કિલો ગ્રામ |
| ૪. | બેસન | ૨ કિલો ગ્રામ |
| ૫. | વૃક્ષ નીચેની માટી | ૨૦૦ ગ્રામ |

ઉપરના બધા જ પ્રકારના પદાર્થોને સારી રીતે એકબીજામાં મેળવી દો. જેનો લાડુ બનાવી શકાય. તેને ૨ દિવસ સુધી બોરીથી ઢાંકી રાખો અને થોડું પાણી છાંટો. પછી તેને તેટલું ઘટ્ટ બનાવો, કે તેમાંથી લાડુ બનાવી શકાય. હવે આ ઘનજીવામૃતના લાડુને કપાસ, મરચી, ટમેટા, રીંગણ, ભીંડા, સરસવના બીજની સાથે જમીન ઉપર રાખી દો અને તેની ઉપર સૂકું ઘાસ નાખો. જો તમે ટપક સિંચાઈ કરતા હો, તો ઘનજીવામૃતના લાડુ ઉપર સૂકું ઘાસ રાખીને તેની ઉપર ડ્રીપરથી પાણી પડવા દો. આ ઘનજીવામૃતના લાડુ તમે ફળઝાડ પાસે પણ રાખી શકો છો. ઘનજીવામૃતમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ મૂળ સુધી પહોંચી શકે તેના માટે જમીનમાં ભેજ હોવો જોઈએ. આ લાડુ થોડા માટી ઓઢીને ફળઝાડના તંતુમૂળ પાસે પણ રાખી શકાય. ઘનજીવામૃતના જીવાણુ માટીના જીવાણુઓ સાથે મળીને કેટલાય ગણા વધી જાય છે, જેનાથી છોડને વધુ પોષક તત્ત્વો મળે છે. તેના માટે જમીનમાં ભેજ હોવો જરૂરી છે અથવા લાડુ બનાવવાને બદલે ભેજવાળા ઘનજીવામૃતને જમીન ઉપર ફેલાવીને તડકામાં સુકવો. સુકાઈ ગયા પછી તેને લાકડી વડે ઠોકીને પાવડર કરી નાખો અને શણના કોથળામાં ભરીને સંગ્રહ કરો. આ ઘનજીવામૃત તમે ૬ મહિના સુધી રાખી શકો છો. સુકાઈ ગયા પછી ઘનજીવામૃતમાં રહેલા સૂક્ષ્મ જીવાણુ સમાધિ લઈને સુષુપ્ત થઈ જાય છે. જ્યારે તમે ઘનજીવામૃતને જમીનમાં નાખો છો, ત્યારે જમીનમાં ભેજ મળતાની સાથે સૂક્ષ્મ જીવો સમાધિ તોડીને ફરી કાર્યરત થઈ જાય છે. જેની પાસે ગોબર વધારે હોય,

તેના માટે વધારે પ્રમાણમાં ઘનજીવામૃત બનાવીને મર્યાદિત ખેતી પાકોમાં છાણિયા ખાતર સાથે ભેળવીને તેનો ઉપયોગ થઈ શકે છે. કોઈપણ પાકની વાવણી સમયે પ્રતિ એકર ૧૦૦ કિલોગ્રામ પાવડર કરેલું છાણિયું ખાતર અને ૧૦૦ કિલોગ્રામ ઘનજીવામૃત ભેળવીને વાવણી કરો. બહુ જ સારુ પરિણામ મળે છે. મેં દરેક ખેતી પાકમાં અને ફળઝાડમાં આનું પરીક્ષણ કરેલું છે, અને ચમત્કારિક પરિણામ મેળવ્યું છે. આના દ્વારા તમે રાસાયણિક ખેતી અથવા જૈવિક ખેતી કરતા વધારે ઉત્પાદન લઈ શકો છો.

**ઘનજીવામૃતને બનાવવાની બીજી પદ્ધતિ :**

જ્યારે ખેડૂત પાસે વધારે ગોબર હોય અથવા જીવામૃત બનાવ્યા પછી જે પણ ગોબર વધે તેને જમીન ઉપર પાથરો, ભેજ ઊડવા દો, પછી તેને ધોકા વડે બારીક પાવડર કરી લો, અને ૧૦૦ કિલો આવા પાવડરમાં ૧૦ લીટર જીવામૃત ભેળવીને એક જીવાણુની સંખ્યા વધી જશે. તડકે સૂકવ્યા પછી સંગ્રહ કરો. આ ઘનજીવામૃત ૬ મહિના સુધી બગડતું નથી. તેને ખેતરમાં વાવણી પહેલા ડી.એ.પી.ની જેમ પાયાના ખાતર તરીકે નાખી દો. તેને ખેતરમાં ૯૦૦થી ૧૦૦૦ કિલો પ્રતિ એકર અથવા થોડા વધારે ઓછા પ્રમાણમાં વાપરી શકાય છે. તેનું ખેતી પાક ઉપર કોઈ નુકસાનકારક પરિણામ આવતું નથી.

**ઘનજીવામૃત બનાવવાની નવી પદ્ધતિ :-**

ગૌવંશના સુકા ખાતરનો દોઢ ફૂટ ઊંચો અને ત્રણ ફૂટ પહોળો (લંબાઈ ગમે તેટલી ચાલશે) તેવો બેડ બનાવો. બેડ ઉપર એક એક ફૂટના અંતરે છેક ઠેઠના તળિયા સુધી પહોંચાડવાના હોલ બનાવો. આજ રીતે એક એક ફૂટના અંતરે હોલ બનાવો. હવે સંપૂર્ણ તૈયાર થયેલા જીવામૃત વડે તે હોલને ભરી દો. જીવામૃત આપમેળે બેડમાં પ્રસરી જશે. હવે બેને સાત દિવસ માટે પડી રહેવા દો. સાત દિવસ પછી તેને પાવડા વડે આછું નાખો અને ફરી તે જ રીતના તેમાંથી બેડ બનાવો. આગળની જેમ ત્યાં પણ ફૂટ ના અંતરે હોલ પાડો આ હોલને જીવામૃતથી ભરી દો અને ફરી સાત દિવસ માટે તેને પાકવા દો સાત દિવસ પછી ઘન જીવામૃત તૈયાર થઈ જશે. યાદ રાખો બેડ ઉપર સીધો સૂર્યપ્રકાશ અને વરસાદનું પાણી ન પડે તેની કાળજી રાખવી. તૈયાર થયેલા ઘનજીવામૃતનો સીધો જ ઉપયોગ કરી શકો છો, તેને સંગ્રહ કરવો હોય તો આકરા સૂર્ય તાપમાં સુકવી દો પછી શણના કોથળામાં ભરીને સૂકી જગ્યામાં તેનો સંગ્રહ કરો.